# નારદીપુરમાં ખુલ્લેઆમ જુગાર રમતા ૧૬ શકુનિઓ ઝડપાયા

## એલસીબીની ટીમે દરોડો પાડી તમામને ૭૨,૪૨૦ના મુદ્દામાલ સાથે દબોચી લીધા

ગાંધીનગર, તા.૧૪
કલોલ તાલુકાના નારદીપુર ગામે ગરબાચોકમાં ખુલ્લેઆમ જુગાર રમાઈ રહ્યો હોવાની બાતમીને આધારે દરોડો પાડી એલસીબીની ટીમે ૧૬ શકુનિઓને જુગાર રમતા ઝડપી પાડ્યા હતા. તેમની પાસેથી રૂ.૪૭,૯૨૦ રોકડ તથા ૯ મોબાઈલ મળીને કુલ રૂ.૭૨,૪૨૦નો મુદ્દામાલ કબ્જે લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરાઈ છે.

ગાંધીનગર લોકલ ક્રાઈમ બ્રાંચના પીઆઈ તરલ ભટ્ટની સુચનાથી પીએસઆઈ એમ. જે. શિંદે અને ટીમે બાતમીના આધારે નારદીપુર ગામે ઠાકોરવાસમાં રેડ કરી હતી. જેમાં જાહેરમાં તીન પત્તીનો જુગાર રમતા કુલ ૧૬ શખ્સો ઝડપાઈ ગયા હતા. પોલીસની ટીમ પહોંચતા આરોપીઓમાં નાસભાગ મચી હતી. જોકે, પોલીસે કોર્ડન કરીને તેમને ઝડપી પાડ્યા હતા. તમામ વિરૂદ્ધ કલોલ તાલુકા પોલીસ સ્ટેશનમાં જુગારધારા કલમ-૧૨ મુજબ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે. એલસીબીની ટીમે જુગાર રમતા નારદીપુરનાં મુકેશ ભગાભાઈ પટેલ, ગુજરાત હાઉસિંગ બોર્ડ મેઘાણીનગર રહેતા સુરેશ મંગળદાસ રાવત, નારદીપુર રહેતા વેચાત બાપુજી ઠાકોર, અમરતભાઈ ચમનભાઈ પરમાર, બાબુભાઈ કાંતીભાઈ રાવલ, રણજીત ભગાજી વાઘેલા, રામનગર સોસાયટી કલોલ ખાતે રહેતા દિનેશ શંકરસિંહ ગોહીલ, નારદીપુર રહેતા ભરત ચંદુજી ઠાકોર, પિયુષ ગોવિંદભાઈ પટેલ, હાર્દિક સોમાભાઈ રાવળ, ગોવિંદ કડવાભાઈ રાવળ, દિપક દરશથભાઈ પ્રજાપતિ, વિષ્ણુ માણેકલાલ પટેલ, અમૃત પશાજી ઠાકોર, વિપુલ કિરિટીસિંહ વાઘેલા, સંજય અંબાલાલ પટેલ મળી તમામ ૧૬ શકુનિઓની ધરપકડ કરવામાં આવી હતી.




# આચાર્ય સુનીલસાગરજી મહારાજ સસંઘને ભાવભરી વિદાય

## માનસ્તંભ પંચકલ્યાણક મહોત્સવ સાથે ચાતુર્માસનું સમાપન : ચાતુર્માસ દરમ્યાન અનેક રાજકિય-સામાજિક અગ્રણીઓ દર્શનાર્થે પધાર્યા : મુખ્યમંત્રીએ આચાર્યને રાષ્ટ્ર ગૌરવ સંત તરીકે નવાજ્યાં : વડાપ્રધાને શુભેચ્છા પાઠવી : ત્રણ જૈનેશ્વારી દિક્ષા સંપન્ન : ૧૦ દિવસ કોબા રોકાણ બાદ ગિરનાર સુધીની સાંત સદ્‌ભાવના પદયાત્રાનો પ્રારંભ કરશે

ગાંધીનગર, તા. ૧૪
ગાંધીનગરના સેક્ટર-૨૧માં દિગંબર જૈન મંદિર પરિસરમાં ૪૫ ફૂટ ઊંચા માનસ્તંભના પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવના સમાપન સાથે જ આચાર્ય સુનીલસાગરજી મહારાજ સસંઘ ચાતુર્માસ સંપન્ન કરી વિહાર કરતા શહેરના જૈન શ્રદ્ધાળુનો લાગણીસભર ભાવવિભોર વિદાય આપી હતી. ચાતુર્માસના રોકાણ દરમ્યાન આચાર્ય સુનીલસાગરજી મહારાજના દર્શનાર્થે પધારેલા મુખ્યમંત્રીએ તેમને રાષ્ટ્ર ગૌરવ સંત તરીકે સંબોધ્યા હતા. ચાતુર્માસ દરમ્યાન વિવિધ ક્ષેત્રોમાં વિશિષ્ટ કામગીરી માટે આચાર્ય આધિસાગર અંકલીકર આંતરરાષ્ટ્રીય મંચ દ્વારા આચાર્યના હસ્તે પાંચ પુરસ્કારોનું સન્માન વિતરણ કરાયુ હતુ જ્યારે આ દરમ્યાન ત્રણ જૈનેશ્વરી દિગંબર દિક્ષાઓ સંપન્ન થવા પામી હતી.

માનસ્તંભ પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શુભેચ્છા સંદેશ પાઠવ્યો હતો. પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવ સમાપન સાથે જ આચાર્ય સસંઘે કોબા ખાતેના શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર તરફ વિહાર કર્યો હતો. આ પ્રસંગે સમગ્ર જૈન સમાજની આંખો લાગણીથી ભીની થવા પામી હતી અને સસંઘને ભાવભરી વિદાય અર્પિત કરી હતી. ચાતુર્માસના રોકાણ દરમ્યાન આચાર્ય સુનીલ સાગરજીએ વિવિધ વિષયો પર તેમના વિચારો વ્યક્ત કરવા સાથે સમાજોપયોગી અને રાષ્ટ્રહિતને લગતા ઉપદેશ પાઠવ્યા હતા. આ સાથે તેમણે શાંતિ, સદ્‌ભાવના અને અહિંસાના સદ્‌ગુણોને જીવનમાં ઉતારવા સાથે સંઘના મહોત્સવ પણ ઉજાગર કર્યુ હતુ. આચાર્ય સુનીલસાગરજીની ઊર્જા, જીવન ઉદ્ધારક વિચારસરણી યુક્ત વાણી, ધ્યાનાકર્ષક આંખો સાથેનું ચુંબકીય વ્યક્તિત્વ તથા પ્રેમસભર સ્મિતે રાજ્યની રાજકિય તથા સામાજિક અગ્રણીઓ, અન્ય ધર્મ-સંપ્રદાયના સંતો-મહંતો સહિત સમગ્ર જૈન સમાજ અને પાટનગરની જનતાને પ્રભાવિત કરી હતી. સમગ્ર ચાતુર્માસ મહોત્સવ ગાંધીનગરના જૈન સમાજ માટે ઐતિહાસિક ઘટના સમાન બની રહ્યો હતો. જેમાં પહેલીવાર વિશ્વમાં માત્ર ૨૫ જ દિવસમાં માનસ્તંભ તૈયાર કરાયો તેમજ તેની પ્રતિષ્ઠા પણ સંપન્ન થવા પામી હતી. માનસ્તંભ આચાર્ય સુનીલસાગરજીના કાયમી સંભારણા તરીકે ગાંધીનગરની શોભા વધારતો રહેશે તેમજ તેના દર્શન કરનારને અહમ ઓગાળી સદ્‌ભાવના અને અહિંસાના માર્ગનું પથદર્શન કરાવતો રહેશે. આચાર્ય સુનીલસાગરજી મહારાજ સસંઘ હવે ૧૦ દિવસના કોબા ખાતેના રોકાણ બાદ તેમની ગિરનાર સુધીની શાંતિ-સદ્‌ભાવના પદયાત્રાનો પ્રારંભ કરશે.

### તપ કરવું હોય તો યુવાવસ્થા શ્રેષ્ઠ

પંચકલ્યાણ પર આચાર્ય સુનીલસાગરજીએ આપેલ સંદેશમાં તેમણે જણાવ્યુ હતુ કે 'તપ વગર મોક્ષ નથી અને તપ કરવું હોય તો યુવાવસ્થા જ શ્રેષ્ઠ સમય છે.' મહાપુરુષો મહાવીર, ગાંધી, શંકરાચાર્યો વગેરેએ યુવાનીમાં જ પુરુષાર્થ કરી સિદ્ધિ મેળવી હતી. આ સાથે આચાર્યએ મહિલા શક્તિનો મહિમા પણ વર્ણવ્યો હતો અને દિકરા-દિકરીમાં ભેદ ના કરવાનો સંદેશ પાઠવ્યો હતો. કેવલ જ્ઞાનના દિવસે ઉદ્બોધન આપતા આચાર્યએ શરીરને વાસનાના દાસ બનાવવા કરતા આત્મ સાધનાનું સાધન બનાવવા શીખ આપી હતી.






ગાંધીનગરની નર્સિંગ કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા 'બાળ દિવસ'ની ઉજવણીના ભાગરૂપે સિવિલ હોસ્પિટલના બાળદર્દીઓના વોર્ડમાં જઈ વિવિધ વેશભૂષા સાથે બાળદર્દીઓને હસાવવાનું કાર્ય કર્યુ હતું.

# રાજ્યમાં નાસતા-ફરતા આરોપીઓને ઝડપી પાડવા ગુજરાત પોલીસ રાજ્યવ્યાપી સઘન ઝૂંબેશ હાથ ધરશે

ગાંધીનગર, તા. ૧૪
મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ રાજ્યમાં ૨૧૦૦૦થી વધુ નાસતા ફરતા આરોપીઓને રાજ્યવ્યાપી સઘન ઝૂંબેશ હાથ ધરી પકડી પાડવા ગૃહ વિભાગ અને પોલીસ તંત્રને સ્પષ્ટ સૂચનાઓ આપી છે.

મુખ્યમંત્રીની આ સૂચનાને પગલે નવેમ્બર અને ડિસેમ્બર માસ દરમ્યાન આવા આરોપીઓને શોધી કાઢવા જિલ્લાવાર ટીમ બનાવીને હાલની વ્યવસ્થામાં એસ.પી., એલ.સી.બી., રેંજ, આર.આર. સ્કર્વોડ, એ.ટી.એસ. અને સ્ટેટ ક્રાઈમ દ્વારા મોબાઈલ લોકેશન સી.સી.ટીવી નેટવર્ક જેવી આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરી નાસતા ફરતા આરોપીઓને ઝડપી પાડવામાં આવશે.

આ કામગીરીની રાજ્યના ડી.જી.પી. કક્ષાએ ત્રિમાસીક સમીક્ષા પણ હાથ ધરવાની સુચના પણ મુખ્યમંત્રીએ આપી છે.

ગુજરાતમાં નાગરિક જનજીવન શાંતિ અને સલામતી પૂર્ણ રહે તેવી સંવેદનશીલતા સાથે મુખ્યમંત્રી વિજયભાઈએ આ નિર્ણય કર્યો છે.




તાજેતરમાં સુરત ખાતે યોજાયેલ ૧૪મી રાજયકક્ષાની અલોહા સ્પર્ધામાં રુદ્ર તેજસ ગાંધી ટાઈની-ટીઓટી લેવલ-૩માં વિજેતા બનતા ટ્રોફીથી સન્માનવામાં આવ્યા હતા.

# શહેરના મુખ્ય માર્ગો પરથી તંત્રએ ૮૭ હોર્ડીંગ્સ દુર કર્યા

## સૌથી વધુ હોંડીગ્સના દબાણ ઘ-૦, ચ-૦, ઘ-૫, ઘ-૬ સહિતના સર્કલો પરથી દુર કર્યા

ગાંધીનગર, તા.૧૪
ગાંધીનગર શહેરના મુખ્ય માર્ગો પર દબાણકારોએ અડીંગો જમાવી દીધો છે. શહેરના ઘ અને ચ માર્ગ પર ઠેરઠેર હોંડીગ્સ લગાયેલા નજરે પડતા હતા. તંત્રએ આજે શહેરના ઘ અને ચ માર્ગ પરથી નાના મોટા ૮૭ હોંડીગ્સ દુર કર્યા છે. હોંડીગ્સ તંત્રએ હટાવતા દબાણકારોમાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો છે.

ગાંધીનગર શહેરમાં ફરીવાર દબાણ તંત્ર સક્રિય બનતા દબાણકારોમાં હાહાકાર મચી જવા પામ્યો છે. તહેવારના દિવસોમાં દબાણ શાખાએ શાંતિ જાળવતા દબાણ કારો સક્રિય થઈ ગયા હતા. દબાણ શાખાના કર્મચારીઓએ આજે શહેરના મુખ્ય માર્ગો પરના સર્કલો પર ઠેરઠેર નાના મોટા લગાવેલા હોંડીગ્સ દુર કર્યા હતા. શહેરના મુખ્ય માર્ગો પર ચીપકાવેલા ૮૭ હોંડીગ્સ દુર કરતા શહેર પણ ચોખ્ખુચણક દેખાતુ હતું. શહેરના ચ અને ઘ માર્ગ પર આવેલા સર્કલો પર દબાણકારોએ પોતાના વેપાર અને હોટલ, ટયુશન કલાસ તેમજ સ્પર્ધાત્મક પરિક્ષાના કલાસના હોંડીગ્સ ચીપકાવી દીધા હતા. તંત્રએ સૌથી વધુ હોંડીગ્સના દબાણ ઘ-૦, ચ-૦, ઘ-૫, ઘ-૬ સહિતના સર્કલો પરથી દુર કર્યા છે. જયારે ચ માર્ગ પરથી પણ છુટા છવાયા માર્ગો પર ચીપકાવેલા દબાણો દુર કર્યા હતા. ફરીવાર દબાણ તંત્ર સક્રિય બનતા દબાણકારોમાં ભય ફેલાયો હતો. લારી ગલ્લા લઈને વેપારીઓ દોડધામ મચાવી હતી. પરંતુ સર્કલો પરના દબાણો દુર કરવામાં આવતા વેપારીઓ હાશકારો અનુભવ્યો હતો. દબાણકારોએ શહેરને પણ હોંડીગ્સ નગરી બનાવી દીધી હોય તેમ લાગી રહ્યું હતું. શહેરના રાજમાર્ગો પર આવેલા સર્કલો પર જયાં નજર કરો ત્યાં નાના મોટા હોંડીગ્સ નજરે પડતા હતા. દબાણ શાખાએ આજે હોંડીગ્સ દુર કરતા માર્ગો ચોખ્ખાચણક બની ગયા હતા. દબાણ વિભાગની ટીમે આજે નાના મોટા ૮૭ હોડીંગ્સ દુર કર્યા છે. આગામી સમયમાં પણ દબાણ વિભાગની ટીમ દ્વારા વિવિધ માર્ગો અને સેકટરોમાં રહેલા દબાણો દુર કરવામાં આવશે.







# માણસાના આનંદીમાના વડલે ભવ્ય શ્રીમદ્ ભાગવત અમૃતધારા જ્ઞાનયજ્ઞનું આયોજન

## ૨૪મી નવેમ્બરથી ૩૦મી નવેમ્બર સુધી જ્ઞાનયજ્ઞ ચાલશે : દેવ દિવાળીના દિવસે બપોરે બે વાગે પોથીયાત્રા નીકળશે : લોકડાયરા સહિત વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાશે

ગાંધીનગર, તા. ૧૪
ગાંધીનગરના માણસા ખાતેના વિદ્નેશ્વરી પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સંચાલિત મા પાલઈ-વિદ્નેશ્વરીધામ પંચદેવ મંદિર તથા આનંદીમાનો વડલો વાન પ્રસ્થાશ્રમ ખાતે તા. ૨૪મી નવેમ્બરથી ભવ્ય શ્રીમદ્ ભાગવત્ અમૃતધારા જ્ઞાનયજ્ઞ-૨૦૧૮નું આયોજન કરવામાં આવ્યું છે. આ જ્ઞાનયજ્ઞના કથા પ્રારંભે ભાજપના પ્રદેશ અધ્યક્ષ જીતુભાઈ વાઘાણી મુખ્ય મહેમાનપદે ઉપસ્થિત રહેશે તેમજ જ્ઞાનયજ્ઞ દરમ્યાન અનેક સંતો-મહંતો તેમના આશિર્વાદ પાઠવવા પધારશે. જ્ઞાનયજ્ઞમાં મુખ્ય યજમાનપદે દિનેશભાઈ વ્યાસ, અસ્મિતાબેન વ્યાસ, નિરંજનાબેન વ્યાસ સહિત પરિવાર બિરાજશે.

શ્રીમદ્ ભાગવત્ અમૃતધારા જ્ઞાનયજ્ઞમાં કથા પ્રારંભ તા. ૨૪મી નવેમ્બરે સવારે ૯ કલાકે થશે. જ્ઞાનયજ્ઞ દરમ્યાન ૨૫મી નવેમ્બરે કપીલ પ્રાગટ્ય, તા. ૨૬મી નવેમ્બરે નૃસિંહ પ્રાગટ્ય, તા. ૨૭મી નવેમ્બરે વામન એવમ્ શ્રીરામ પ્રાગટ્ય ઉપરાંત કૃષ્ણચંદ્ર પ્રાગટ્ય-નંદ મહોત્સવ, તા. ૨૮મી નવેમ્બરે ગોવર્ધન મહોત્સવ, તા. ૨૯મી નવેમ્બરે વેણુગીત-મહારાસ અને રૂકમણી દ્વારકાધીશ વિવાહ તથા તા. ૩૦મી નવેમ્બરે સુદામા ચરિત્ર ઉજવાશે. આ સાથે તા. ૨૨મી નવેમ્બરથી ૨૩મી નવેમ્બર દરમ્યાન અખંડ રામધૂન યોજાશે. જ્ઞાનયજ્ઞ દરમ્યાન કથા સમય ૯ થી ૧ વાગ્યાનો રહેશે તેમજ તા. ૨૯મી નવેમ્બરે રાત્રે ૯ કલાકે રંગકસુંબલ ડાયરો યોજાશે જેમાં ગુજરાતી લોકકલાકારો કીર્તિદાન ગઢવી, જીગ્નેશ કવિરાજ, કિંજલ દવે અને અજય બારોટ લોકમનોરંજન સાથે સાહિત્યની અને કલારસ પીરસશે. તા. ૨૩મી નવેમ્બરે બપોરે ૨ કલાકે ભવ્ય પોથીયાત્રા નીકળશે જ્યારે તા. ૩૦મી નવેમ્બરે જ્ઞાનયજ્ઞનું સમાપન યોજાશે.

# વિસનગરા નાગર વરસુંદિયા પંચની યોજાયેલી બેઠક

અમદાવાદ, તા. ૧૪
વિસનગરા નાગર વરસુંદિયા પંચની સભા તાજેતરમાં ખાડિયા અમદાવાદ ખાતે યોજાઈ હતી. નરેશ રાજાના પ્રમુખ પદે યોજાયેલ સભામાં ભાદરવી વરસુંદિયા સંઘના પંચ અંબાજીના સભ્યો તથા દાતાઓ ઉપસ્થિત રહ્યા હતા. અંબાજી ગામમાં ભૈરવજી મંદિરથી દલવાડીની ધર્મશાળા સુધીના માર્ગને 'આદી ભક્ત કવિ નરસિંહ મહેતા' માર્ગ નામાભિધાન કરવા બદલ અંબાજી ગ્રામ પંચાયતનો આભાર માનવામાં આવ્યો હતો.

સાથોસાથ સરદાર પટેલ સ્ટેડિયમ પાસેના સર્કલનો 'સ્વાતંત્ર્ય સેનાની સ્વ. કનુભાઈ રેવાશંકર મહેતા' નામાભિધાન કરવા બદલ અમદાવાદ મહાનગરપાલિકાનો આભાર માનવામાં આવ્યો હતો. પ્રમુખસ્થાનેથી નરેશભાઈ રાજાએ અંબાજી સ્થિત નાગર માઢના આધુનિકરણ માટે તન, મન, ધનથી મદદ કરવા સૌને અપીલ કરી હતી. તેમજ અત્યાર સુધી જેમને જેમને મદદ કરી છે તે સૌ સભ્યો એ દાતાઓનો ઋણ સ્વીકાર કર્યો હતો.




## આકાશ સંસ્થાનો સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો

તાજેતરમાં અમદાવાદની જાણીતી સંસ્થા આકાશનો સ્નેહમિલન સમારોહ અમદાવાદ સાબરમતિ રેલ્વે કોલોનીના સભા ખંડ ખાતે યોજાયો હતો. આ પ્રસંગે ૪૦ પરિવારના ૧૫૦ થી વધુ સભ્યોની હાજરીમાં ચિત્રગુપ્ત પૂજા ધામધુમથી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં પૂજા-અર્ચના બાદ સામુહિક ભોજન અને રાત્રીના સમયે બાળકો દ્વારા ડાન્સ, વિચાર-વિમર્શ, ઈનામ વિતરણ, અને ગીત સંગીત સાથે સાંસ્કૃતિક કાર્યક્રમ સફળતા પૂર્વક સંપન્ન થયો હતો. આ પ્રસંગે સંસ્થાના અધ્યક્ષ આર.બી.મલ્લિક, સંસ્થાના સચિવ આદિત્યકુમાર દાસ, કોષાધ્યક્ષ શિશિરકુમાર ચૌધરી, કાર્યકારી સભ્ય આઈ.એસ.લાલ, જીતેન્દ્રકુમાર, સુનિલકુમાર દાસ, ડો.વિનયકુમાર દાસ, રંજીત દત્ત, નવીનલાલ, ચંદનકુમાર દાસ, તેમજ મહિલા સભ્યોમાં વિનીતા કર્ણ, પૂનમલાલ, શચિકલા લાલ, ગુડીયા કર્ણ, માધુરીલાલ, કલ્પના દાસે કાર્યક્રમને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી હતી.

# સે-૩/સી માં બપોરે બે કલાક સુધી વિજળી ડુલ થઈ

ગાંધીનગર તા ૧૪
શહેરના સે-૩ સી માં આજે બપોરે બે કલાક વિજપુરવઠો ખોરવાઈ જતા સેકટરવાસીઓએ હાલાકી વેઠવી પડી હતી. અગાઉ દિવાળીના તહેવાર ટાંણે જ નગરના નવા અને જુના સેકટરોમાં એક સાથે વિજ પુરવઠો ડુલ થઈ જતા અંધારપટ્ટ છવાઈ ગયો હતો. જો કે થોડીવારમાં જ લાઈટ આવી જતા નાગરિકોએ રાહતનો શ્વાસ લીધો હતો. આજે બપોરે બે કલાક સુધી લાઈટ ડુલ રહેતા નવા સેકટરમાં રહીશોએ હાલાકી વેઠવી પડી હતી.

જો કે ક્ષતિનુ નિવારણ આવી ગયા બાદ વિજ પુરવઠો ચાલુ થઈ ગયો હતો. શહેરમાં વધતી વસતી અને વિકાસના અનેકવિધ આયામો વચ્ચે માળખાગત સુવિધાની માંગ વધી છે. જેમાં પાણી , રસ્તા ગટરની સુવિધા સાથે વિજ પુરવઠાની ડિમાન્ડ પણ વધતી જાય છે. ઉનાળાની આકરી ગરમીના દિવસોમાં છાશવારે વિજપુરવઠો ખોરવાઈ જતો હોવાના કિસ્સા ધ્યાને આવે છે. જયારે છેલ્લા એક સપ્તાહમાં જ શહેરમાં બે વાર વિજપુરવઠો ખોરવાતા નાગરિકોએ હાલાકી વેઠવી પડી હતી. જેમાં દિવાળીના પર્વ દરમિયાન એકાએક રાત્રિના સમયે વિજળી ડુલ થઈ ગઈ હતી .

નગરના જુના અને નવા સેકટરોમાં અંધારુ છવાઈ ગયુ હતુ. જો કે થોડીવારમાં જ લાઈટ આવી જતા નાગરિકોએ નિરાંતનો શ્વાસ લીધો હતો. જયારે આજે બપોરે પણ નગરના નવા સેકટરો પૈકી સે-૩ સી માં અચાનક જ લાઈટો ડુલ થઈ ગઈ હતી. બપોરના સમયે બે કલાક સુધી લાઈટ જતી રહેતા રહીશોના કામો અટવાયા હતા. જો કે ટેકનિકલ ક્ષતિ નિવારવામાં આવ્યા બાદ વિજ પુરવઠો ચાલુ થઈ ગયો હતો.

# ગુજરાત યુનિવર્સિટીના રિસર્ચ સ્કોલર્સના રિસર્ચ પેપરની ઓડિશા ખાતે મીડિયા કોન્ક્લેવમાં પસંદગી

ઓડિશાના પાટનગર ભુવનેશ્વર ખાતે આગામી ૨૧ થી ૨૩ નવેમ્બર દરમિયાન મીડિયા કોન્ક્લેવનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં આખા દેશમાંથી મીડિયા સાથે સંકળાયેલા લોકો અને મીડિયાના વિદ્યાર્થીઓ ભાગ લેશે. આ મીડિયા મહાકુંભ જેવા મીડિયા કોન્ક્લેવમાં ગુજરાત યુનિવર્સિટીના ચાર રિસર્ચ સ્કોલર્સના રિસર્ચ પેપર પસંદગી પામ્યા છે અને તેઓ ભુવનેશ્વર ખાતે પોતાના રિસર્ચ પેપર રજૂ કરવા જશે. ગુજરાત યુનિવર્સિટીના ડિપાર્ટમેન્ટ ઓફ કોમ્યુનિકેશન એન્ડ જર્નાલિઝમમાં પીએચ.ડી કરી રહેલા પાર્થ પટેલ હિતાંશી શાહ, નેત્રી ત્રિવેદી અને જીત ધોળકિયા આ મીડિયા કોન્ક્લેવમાં પોતાના મીડિયાને લગતા વિવિધ વિષયો પર રિસર્ચ પેપર પ્રેઝન્ટ કરશે. ડિપાર્ટમેન્ટના હેડ ડો. સોનલ પંડ્યા અને અન્ય માર્ગદર્શક ડો. દ્રષ્ટિ પટેલના માર્ગદર્શન હેઠળ આ ચાર રિસર્ચના વિદ્યાર્થીઓએ રિસર્ચ પેપર તૈયાર કર્યા છે, જેની આ કોન્ક્લેવમાં પસંદગી થઈ છે મીડિયા કોન્ક્લેવને ઓડિશાના રાજ્યપાલ પ્રો. ગણેશી લાલના હસ્તે ખૂલ્લો મૂકવામાં આવશે. મહાનુભાવો જેવા કે લોકસભાના સાંસદ ભતૃહરિ મેહતાબ, ઉત્કલ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર પ્રો. એસ. એમ. પટનાયક, આઈ આઈ એમસીના ડીજી કે.જી.સુરેશ, સહિત ભારતની વિવિધ યુનિવર્સિટીના મીડિયા વિભાગના વડા, વાઈસ ચાન્સેલર ઉપસ્થિત રહેશે.

